ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાંથી સ્વાઈન ફ્લુના ૩ કેસ મળ્યા

**દહેગામમાંથી બે અને માણસામાંથી એક દર્દી : બે પુરૂષ દર્દી અને એક મહિલા દર્દી આજે મળ્યા : બાલવામાં સ્વાઈન ફ્લુથી એકનું મોત**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

આજે સ્વાઈન ફ્લુથી એક દર્દીનું મૃત્યુ થયુ છે. આમ જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા પણ ૭ પર પહોંચી છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે છુટાછવાયા મળી રહ્યા છે તેને લઈ આરોગ્યતંત્ર ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુના બે દર્દી દહેગામમાંથી મળી આવ્યા છે. જેમાં એક મહિલા દર્દી જેની ઉંમર ૩૮ વર્ષ હોવાનુ જાણવા મળેલ છે જ્યારે ૫૪ વર્ષીય પુરૂષ દર્દી છે. આ બન્ને દર્દી અમદાવાદમાં સારવાર હેઠળ હોવાનુ જાણવા મળેલ છે.

ત્રીજો કેસ માણસા તાલુકાના મોતીપુરા ગામમાંથી મળી આવેલ છે. ૩૮ વર્ષીય આ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ત્રણેય દર્દીઓની સ્થિતિ સ્થિર છે. જિલ્લામાં આ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૩૬ પર પહોંચી છે. ૧૭ દર્દીઓ સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે આ રોગને કારણે ૭ દર્દીના મોત નીપજ્યા છે. ૯ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. મળતી વિગતો પ્રમાણે આજે બાલવાના ૪૫ વર્ષીય દર્દી જે સારવાર હેઠળ હતા તેનુ સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. આ અવસાનના સમાચારથી બાલવા પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. સ્વાઈન ફ્લુથી આ સાથે મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૭ થઈ છે.



ગરબો ગબ્બરથી આવ્યો રે.. ઘમ્મર ઘુમતો રે... - મા-આદ્યશક્તિની ઉપાસનાના પર્વને આવકારવા શહેરમાં ઉલ્લાસપૂર્વક તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવના પ્રાંગણમાં ૭૧ ફૂટ ઉંચાઈવાળા ગબ્બરનું નિર્માણ કરાયું છે... ગિરિમાળાઓ વચ્ચેથી પ્રવેશતા જ ગબ્બર ચોક અને ગબ્બર ગોખ દૃશ્યમાન થશે... દિવ્ય અને ભવ્ય નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... તો બીજી તરફ યુવાનોમાં પણ થનગનાટ જોવા મળી રહ્યો છે...

# સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ (ગ્રા.)માં જિલ્લો દેશમાં ૬૦મા ક્રમે રાજ્યમાં ૧૫મા ક્રમે

ગાંધીનગર, તા. ૮

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮(ગ્રા.)ના તાજેતરમાં જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગર જિલ્લો દેશમાં ૬૦મા ક્રમે તથા રાજ્યમાં ૧૫મા ક્રમે આવ્યો છે.

૧લી ઓગષ્ટથી ૩૧ ઓગષ્ટ દરમ્યાન સ્વચ્છતા સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના નવ જેટલા ગામોમાં કેન્દ્રની ટુકડીએ મુલાકાત પણ લીધી હતી તેમજ સ્વચ્છતા સર્વેક્ષણ અંગે ગ્રામવાસીઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં આ સર્વેક્ષણનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં જિલ્લો દેશભરમાં ૬૦મા ક્રમે તથા રાજ્યમાં ૧૫મા ક્રમે આવ્યો છે.

જિલ્લામાં ૩૦ હજારથી પણ વધુ મોબાઈલ એપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી અને લોકોએ તેમના અભિપ્રાય પણ આ એપ દ્વારા આપ્યા હતા. સ્વચ્છતા સર્વેક્ષણને લઈ સમગ્ર જિલ્લામાં ખાસ અભિયાન પણ તંત્ર દ્વારા યોજવામાં આવ્યુ હતુ જે નોંધનીય છે. જિલ્લો ''ઓપન ડેફીનેશન ફ્રી'' જાહેર થયેલો છે. જિલ્લાનું પરિણામ ઘણું પ્રોત્સાહક રહ્યાનું તંત્રના કર્મચારીઓનું કહેવુ છે.

# ગાંધીનગર જિલ્લામાંથી બે હજાર પરપ્રાંતિયોની હિજરત

**ફફડાટનો માહોલ : ગાંધીનગર ઉપરાંત આસપાસના ધોળાકુવા, બોરીજ, ફતુપુરા અને છત્રાલ જી આઇ ડી સી વિસ્તારમાંથી પરપ્રાંતિયોની હિજરત વેપાર ઉદ્યોગોને માંઠી અસર : પરપ્રાંતિયો ફફડામાં બહાર નિકળતા નથી તંત્ર કક્ષાએથી શાંતિ સમિતિની બેઠકથી આગળ કાંઇ નહીં**

ગાંધીનગર તા ૮

સાબરકાંઠામાં બાળા પર બળાત્કાર ગુજારવાની ઘટના બાદ રાજયમાં કામ કરતા પરપ્રાંતિયો પર આમ નાગરિકોનો આક્રોશ વધી રહ્યો છે. પરપ્રાંતિયો પર આગ બબુલા બનેલા નાગરિકો તેમને રાજય બહાર હાંકી કાઢવા સક્રીય થયા છે. રાજયમાં સ્થિતિ વણસતા પરપ્રાંતિયોને હિજરત કરવાનો વારો આવ્યો છે. આજે ગાંધીનગર શહેર ઉપરાંત બોરીજ , ધોળાકુવા, છત્રાલ , ફતેપુરા, અને ઝાંક જી આઈ ડી સી વિસ્તારમાંથી ૨ હજાર જેટલા પરપ્રાંતિયોએ હિજરત કરી હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરપ્રાંતિયોની હિજરતના લીધે વેપાર ઉદ્યોગાને પણ માંઠી અસર થઇ રહી છે. બીજીતરફ પરપ્રાંતિયોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે.

સાબરકાંઠાના ઢુંઢર ગામમાં ૧૪ વર્ષની બાળા પર બળાત્કાર ગુજારવાની ઘટનાના સમગ્ર રાજયમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગૃહીણીઓ તોબા પાણી પુરી મળતી નથી અને ઘરકામમાં પણ જાતમહેનત

સાબરકાંઠના ઢુંઢર ગામમાં પરપ્રાતિય દ્વારા બાળકી પર બળાત્કાર ગુજારવાની ઘટના બાદ રાજયમાં પરપ્રાંતિયો સામે રોષ ફાટી નિકળ્યો છે. પરપ્રાંતિયાને રાજય બહાર હાંકી કાઢવા માટે ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. રાજયના પાટનગરમાં પણ આ સ્થિતિ વચ્ચે પરપ્રાંતિયોને વતન ભેગા કરી દેવામાં આવી રહ્યા છે. ત્યારે નગરના વેપાર ઉદ્યોગો સહીત જાહેરજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. પરપ્રાંતિયોની હિજરતના લીધે નગરમાં પાણીપુરીની લારીઓ જોવા મળતી નથી. જયારે રાત્રિના સમયે મઠરી સીંગની લારી પણ અદ્રશ્ય થઇ ગઇ છે. બીજીતરફ દિવાળી ટાંણે ઘરકામ કરતા પરપ્રાંતિયો પણ ગાયબ થઈ જતા ગૃહીણીઓની મુંઝવણ વધી છે. દિવાળી ટાંણે ઘરકામ કાઢીને બેઠેલી ગૃહીણીઓએ પણ જાત મહેનત જિંદાબાદ કરવાનો વારો આવ્યો છે. યુ પી બિહાર અને રાજસ્થાનના શ્રમિકો પણ વિશેષ પ્રભાવિત થતા સ્થિતિ વણસી છે.

# મિશન વિદ્યાનું જિલ્લાનું પરિણામ ૫૦ ટકા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાનું મિશન વિદ્યાનું પરિણામ ૫૦ ટકા આવતાં જિલ્લા શિક્ષણતંત્રએ થોડોક રાહતનો શ્વાસ લીધો છે. જો કે ઉપચારાત્મક વર્ગ હજુ પણ ચાલુ રાખવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

રાજ્ય સરકારે ગુણોત્સવના પરિણામોને પગલે રાજ્યમાં મિશન વિદ્યા અભિયાન અમલી બનાવવાનો નિર્ણય લીધો હતો. જિલ્લાના નિરાશાજનક પરિણામને પગલે રાજ્યના મુખ્ય સચિવ ડૉ જે.એન. સિંહે જિલ્લાની જવાબદારી મિશન વિદ્યાના અમલીકરણને લઈ ઉપાડી હતી.

મિશન વિદ્યા અંતર્ગત જિલ્લામાં ૦ થી ૫ ગુણાંક મેળવનાર બાળકોની સંખ્યા ૩૨ હજાર હતી. આ પછી થયેલા મૂલ્યાંકનમાં તે સંખ્યા ઘટીને ૧૬ હજાર થઈ હતી. મિશન વિદ્યાને લઈ સરકારે આંતર જિલ્લા ચકાસણી હાથ ધરતાં પ્રિય બાળકો ૧૬ હજાર પૈકી ૮ હજાર બાળકો મુખ્ય પ્રવાહ સાથે ભળી ગયાનું જણાયુ છે.

આમ જિલ્લાનું મિશન વિદ્યાનું પરિણામ ૫૦ ટકા આવ્યુ છે. જોકે પ્રિય બાળકોને લઈ ઉપચારાત્મક અભિયાન આગામી દિવસોમાં પણ યથાવત રાખવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં મિશન વિદ્યા ચાલતુ હતુ ત્યારે જ મુખ્ય સચિવશ્રીએ પડકાર મોટો હોવાનો એકરાર કર્યો હતો. મિશન વિદ્યાને લઈ જિલ્લાના તમામ અધિકારીઓને પણ તેના અમલીકરણ માટે જવાની કડક સૂચનાઓ આપવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

ગુણોત્સવના પરિણામોમાં ૦ થી ૫ ગુણાંક મેળવનારા બાળકોમાં લેખન, ગણન અને વાંચનમાં નબળા જણાયા હતા. મિશન વિદ્યાનું પરિણામ રાજ્યકક્ષાનું પણ ૫૦ ટકા જ આવ્યુ છે. આમ જિલ્લો અને રાજ્યનું પરિણામ સરખુ રહેતા તંત્રએ થોડોક રાહતનો શ્વાસ લીધો છે.




## બેસણું

અમારા માતૃશ્રી હિરાબા ભેમાજી ઠાકોરનું દુઃખદ અવસાન તા. ૦૮-૧૦-૨૦૧૮ના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૦૯-૧૦-૨૦૧૮ને મંગળવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઠે. ચાંમુડા માતાના મંદિર પાસે, વાણીયાવાસ, ગામ : ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર

ગાંડાજી ભેમાજી ઠાકોર (પુત્ર)
સ્વ.સવધાનજી ભેમાજી ઠાકોર (પુત્ર)
બાબુજી ભેમાજી ઠાકોર (પુત્ર)
બળદેવજી ભેમાજી ઠાકોર (પુત્ર)
રાણાજી ભેમાજી ઠાકોર (પુત્ર)
ચંદુજી અમાજી ઠાકોર
મહોબતજી ગલાબજી ઠાકોર
ભવાનજી લક્ષ્મણજી ઠાકોર


# કલ્ચરલ ફોરમના ગરબામાં અંબાજીથી અખંડ જ્યોત આવશે

**પહેલા નોરતે શોભાયાત્રા પછી જ્યોતનું સ્થાપન કરાશે**

સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ અંબાજીના નિજમંદિરથી પધારેલી જ્યોત પહેલા નોરતે ; તા.૧૦મી ઓક્ટોબરે સાંજે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડ– સમર્પણ ગ્રાઉન્ડમાં પ્રસ્થાપિત કરાશે. સાંજે ૪-૩૦ વાગ્યે સેક્ટર-૮ના ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરેથી દિવ્ય જ્યોતની શોભાયાત્રા નિકળશે અને વાજતે ગાજતે માતાજીની જ્યોત ગરબા ગ્રાઉન્ડ પહોંચશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરથી ૩૦ વર્ષથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના સેવાભાવી યુવાનો દ્વારા પ્રતિ વર્ષ અંબાજીના નિજમંદિરમાં પ્રજ્જવલિત અખંડ જ્યોતમાંથી પ્રગટાવીને એક જ્યોત ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં પ્રસ્થાપિત કરવા ગાંધીનગર લાવવામાં આવે છે. તા. ૧૦મી ઓક્ટોબરે અંબાજીથી અખંડ જ્યોત ગાંધીનગર આવશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને જય અંબે પરિવારના સભ્યો મા આદ્યશક્તિની અખંડ જ્યોતને સેક્ટર-૮ માં આવેલ ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરે આવકારશે. ત્યાંથી ભવ્ય શોભાયાત્રા સ્વરૂપે આ અખંડ જ્યોતને ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં લઈ જવાશે. જ્યાં સમગ્ર નવરાત્રી દરમિયાન આ જ્યોત અખંડ પ્રજ્જવલિત રહેશે. નવરાત્રીના સમાપન પછી આ જ્યોતને પાછી વળાવવાનો ભક્તિભાવસભર પ્રસંગ ઉજવાશે. નાગરિકોને આ શોભાયાત્રામાં જોડાવા આમંત્રણ છે.


# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## વિશ્વ ઉમિયાધામ-અમદાવાદ

Vishv UMIYA Foundation

જગત જનની મા ઉમિયાની કૃપાથી સમગ્ર વિશ્વમાં પાટીદાર સમાજની અનેકવિધ સંસ્થાઓ સામાજિક વિકાસ માટે અનેકવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. આ સર્વે શક્તિઓનો સરવાળો કરી વૈશ્વિક પ્લેટફોર્મના માધ્યમથી સમાજના જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા તેમજ સમાજની વિવિધ સંસ્થાઓને તેમજ સમાજના તમામ પરિવારોને સંગઠિત કરી સમાજના સર્વાંગી વિકાસ થકી વૈશ્વિક સમાજ નિર્માણ કરવાના દૃઢ સંકલ્પ સાથે અમદાવાદના વૈષ્ણોદેવી નજીક ૧૦૦ વીઘા જમીનમાં રૂપિયા ૧૦૦૦ કરોડના ખર્ચે સામાજિક એમ્પાવરમેન્ટ હબનું નિર્માણ કરવાનો દૃઢ નિર્ધાર વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને કરેલ છે.

જેમાં સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી, રોજગારલક્ષી તાલીમ કેન્દ્રો, વર્કિંગ વુમન સહિત વિવિધ છાત્રાલય, આરોગ્ય સારવાર, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ તેમજ એન.આર.આઈ.ભવન અને સીનીયર સીટીઝન એપાર્ટમેન્ટ સહિત મા ઉમિયાનું વિશ્વકક્ષાનું ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણ જેવા વિવિધ પ્રોજેક્ટનો સમાવેશ થશે.

સમાજ નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણ તેમજ મા ઉમિયા પ્રત્યેની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવા તેમજ સામાજિક સમરસતા જળવાય તે હેતુથી મા ઉમિયાના દિવ્યરથનું પ્રસ્થાન અને પરિભ્રમણ અમદાવાદથી સમગ્ર વિશ્વમાં શરૂ થાય છે.

## જગત જનની મા ઉમિયા "દિવ્યરથ" શુભ પ્રસ્થાન - પરિભ્રમણ



શ્રી ઉમિયા માતાજી મંદિર, ઊંઝાના પાવન ધામ પર

તા.૧૦-૧૦-૨૦૧૮, બુધવાર, નવલી નવરાત્રિના પ્રથમ નોરતે

વિશિષ્ઠ મહાનુભાવોની ઉપસ્થિતિમાં અને

ઉછામણી દાતાશ્રી ઉદયભાઈ છબીલદાલ પટેલ પરિવારના વરદ્ હસ્તે

માતાજીની મૂર્તિ પૂજનવિધિ, સ્થાપન, મહાઆરતી સવારે ૮:૦૦ થી ૯-૩૦ કલાકે

**શ્રી ઉમિયા માતાજી મંદિર ઊંઝાથી સવારે ૧૧:૦૦ કલાકે દિવ્યરથનું પ્રસ્થાન**

મા ઉમિયાના દિવ્યરથ પ્રસ્થાનમાં ૫૦૦ થી વધુ બાઈક, ૧૦૦ કાર તેમજ ૩૦ લક્ઝરી બસો જોડાશે.

ઉનાવા : બપોરે ૧૨:૦૦ કલાકે - માર્કેટયાર્ડની સામે, એસ્સાર પેટ્રોલ પંપ, હાઈવે, ઉનાવા
મહેસાણા : બપોરે ૧:૧૫ કલાકે - ધી મહેસાણા અર્બન બેન્ક (H.O.) મહેસાણા
કલોલ : બપોરે ૪:૧૫ કલાકે - શ્રીજી ડેરી પાસે, પંચવટી, કલોલ
અમદાવાદ : સાંજે ૭:૦૦ કલાકે - વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ

: કાર્યક્રમના અન્ય દાતાશ્રીઓ :

❖ શ્રી દશરથભાઈ આશાભાઈ પટેલ - સોલા, અમદાવાદ (દાતાટ્રસ્ટીશ્રી) ❖ શ્રી ત્રિકમભાઈ પટેલ - અમદાવાદ (ડાયમંડ દાતાટ્રસ્ટીશ્રી)
❖ શ્રી જીતુભાઈ અઘારા - સિમ્પોલો ગ્રુપ, મોરબી (પ્લેટીનમ દાતાટ્રસ્ટીશ્રી)

: ''દિવ્યરથ'' પરિભ્રમણ પ્રસ્થાન :

તા.૧૫-૧૦-૨૦૧૮, સોમવાર, સવારે ૯-૦૦ કલાકે વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદથી

ચેનપુર, ન્યુ રાણીપ, રાણીપ, ચાંદલોડિયા, ગોતા, સાયન્સ સીટી-સોલા, ભાડજ, શીલજ, થલતેજ, આંબલી, ઘુમા, બોપલ, બોડકદેવ, જોધપુર, પ્રહલાદનગર, વેજલપુર, વાસણા, પાલડી-આંબાવાડી, નવરંગપુરા - નારણપુરા, શાસ્ત્રીનગર, પ્રગતિનગર, વાડજ - નવાવાડજ, ઉસ્માનપુરા, સાબરમતી, ડી-કેબીન, મોટેરા, ન્યુ સી.જી.રોડ થી વિગેરે વિસ્તારોમાં પરિભ્રમણ કરી પૂર્વ વિસ્તારમાં પ્રસ્થાન કરશે.

મા ઉમિયાના મંદિર નિર્માણમાં સમાજના દરેક પરિવાર સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનો.

ભૂમિદાન હૂંડી - રૂા. ૧,૧૧,૦૦૦/- (દસ ચો.વાર) તથા રૂા. ૫૫,૦૦૦/- (પાંચ ચો.વાર)

ભૂમિદાન હૂંડી-રૂા. ૧૧,૦૦૦/- શિલાદાન હૂંડી - રૂા. ૫,૦૦૦/- ઇંટ દાન - રૂા. ૧,૦૦૦/-
(પ્રતિ ચો.વાર / પ્રતિ શિલા / પ્રતિ ઈંટ કે તેના ગુણાંકમાં)

બેંકની વિગત : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ., સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446 – IFSC Code - MSNU0000044.

UPI ID થી Direct Payment Vishv Umiya Foundation



## ૧૨મી વાર્ષિક પુણ્યતીથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. શ્રી કમલેશભાઇ અમૃતલાલ જાની**

સ્વ. તા. ૯-૧૦-૨૦૦૭

સ્થાપકશ્રી : સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

આપની ખોટ તો કાયમ રહેશે.
આપના સંસ્કારોનું જીવનમાં સિંચન કરી,
આપના આદર્શોને સદાય અનુસરીશુ.

ગં.સ્વ. કૈલાસબેન કમલેશભાઇ જાની
વૈભવ કમલેશભાઇ જાની
દિપ્તી વૈભવ જાની
રૂદ્ર વૈભવ જાની
વેદ વૈભવ જાની

સમર્પણ પરિવાર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# વરસાદી દિવસોના અંતે હવે શહેરમાં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરાશે

**મુખ્ય ચ માર્ગ, ખ અને ક માર્ગ ઉપરાત ઇન્ફોસીટીથી રીલાયન્સ ચોકડી તરફ જતા માર્ગની સુધારણા અને વાઇડનીંગને લગતા વિવિધ કામો હાથ ધરાશે**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન બંધ રહેલી માર્ગ સુધારણાની કામગીરી ટુંકમાં શરૂ કરી દેવાશે. શહેરમાં મુખ્ય ચ માર્ગ સહીત ક રોડ તેમજ રોડ નં-૭ અને ઈન્ફોસીટી થી રીલાયન્સ ચોકડી સુધીના માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત ખ - ૬ થી ખ-૭ વચ્ચે બાકી રહેતા માર્ગ વાઇડનીંગનુ કામ પણ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણા પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે ચોમાસા દરમિયાન વરસાદના લીધે માર્ગ સુધારણાની કામગીરી બંધ રાખવામાં આવે છે. ચોમાસા પુર્વે પણ શહેરમાં મુખ્ય ચ માર્ગ સહીત રોડ નં -૭ તેમજ ૪ એ અને બી સહીત ક અને ખ માર્ગની સુધારણા તેમજ વાઇડનીંગની કામગીરીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ વરસાદી દિવસોમાં માર્ગ સુધારણાનુ કામ કરવુ શકય ન હોવાના લીધે આ કામગીરી આગળ વધી શકી ન હતી. જયારે હવે શહેરમાં માર્ગ સુધારણાના વિવિધ કામોને હાથ ધરવા માટે આયોજન કરવામાં આવશે આ પૈકી કેટલાક કામો અન્વયે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. શહેરના સે- ૬ થી ૮ માં રીંગ રોડના સરફેસને યોગ્ય કરવા પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત ખ-૬ થી ખ-૭ વચ્ચે બાકી રહેતા માર્ગ વાઇડનીંગની કામગીરી પણ પુર્ણ કરાશે. ખ માર્ગ પર બાકી રહેતા આ બેલ્ટમાં બન્ને સાઇટમાં ૩.૫૦ મીટર માર્ગને પહોળો કરવામાં આવશે. આગામી વાઇબ્રન્ટ સમિટને ધ્યાને લઇને પણ શહેરમાં બાકી રહેતી માર્ગ સુધારણાની

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com